#180

Focused Effort 😎

કલ્પના કરો કે એક વ્યક્તિ દરરોજ દસ ખાડા ખોદે છે, પરંતુ દરેક ખાડો માત્ર એક ફૂટ ઊંડો હોય. તેને ક્યાંય પાણી નહીં મળે.

બીજી તરફ, બીજી વ્યક્તિ માત્ર એક જ જગ્યાએ સતત દસ ફૂટ ખાડો ખોદે છે… અને અંતે પાણી મેળવી લે છે.

જીવનમાં પણ આવું જ છે. આપણે ઘણી વખત એક સાથે ઘણા લક્ષ્યો પાછળ દોડીએ છીએ. થોડું અહીં, થોડું ત્યાં. પરિણામે સમય પણ જાય છે અને શક્તિ પણ, પરંતુ પ્રગતિ દેખાતી નથી.

સફળ લોકો સામાન્ય રીતે બીજા કરતાં વધારે મહેનત નથી કરતા; તેઓ યોગ્ય દિશામાં, સતત અને એકાગ્રતાથી મહેનત કરે છે.

આજે નક્કી કરીએ કે એક જ મહત્વપૂર્ણ કામ પસંદ કરી અને તેને અધવચ્ચે છોડશું નહીં.

કારણ કે…

દિશા વગરની મહેનત માત્ર વ્યસ્ત રાખે છે, જ્યારે Focused Effort જ સાચી Progress તરફ લઈ જાય છે.